==========
અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ધી દિલ્હી ક્લોથ એન્ડ જનરલ મિલ્સ કંપની લિમિટેડ

વિરુદ્ધ

હરનામ સિંહ અને અન્ય

તા. ૨૧/૦૪/૧૯૫૫.

[વિવિયન બોઝ, બી. જગન્નાથદાસ અને ભુવનેશ્વર પ્રસાદ સિંહા જે.જે.]

પ્રાઈવેટ ઈન્ટરનેશનલ લો—કરાર સંબંધિત જવાબદારીઓને લાગુ પડતો કાયદો—ઈંગ્લિશ અને કોન્ટિનેન્ટલ વિચારધારાઓ—લેક્સ સિટસ અને કરારનો "પ્રોપર લો"—ભારતનું વિભાજન—વિભાજન પછીનું દેવું—વસૂલાત માટેનો દાવો ક્યાં થઈ શકે—બેંકિંગ વ્યવહારો અને વીમા દાવાઓની સમાનતા—પ્રાથમિક જવાબદારીનું સ્થળ—દેવું મિલકત ગણાય કે કેમ—ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમો 3 અને ૧૩૦—ઈવેક્યુઈ પ્રોપર્ટી કાયદાઓ—પાકિસ્તાન (પ્રોટેક્શન ઓફ ઈવેક્યુઈ પ્રોપર્ટી) વટહુકમ, ૧૯૪૮ (૧૯૪૮ નો ૧૮)—

પાકિસ્તાન (એડમિનિસ્ટ્રેશન ઓફ ઈવેક્યુઈ પ્રોપર્ટી) વટહુકમ (૧૯૪૯ નો ૧૫) —તેનું સ્વરૂપ જમીરૂપ છે કે કેમ

પ્રસ્તુત વર્ષો દરમિયાન અવિભાજિત ભારતના પંજાબના તત્કાલીન ભાગ એવા લાયલપુરમાં કાપડનું રેશનિંગ કરવામાં આવેલ હતું અને તેનું વેચાણ માત્ર સરકારી નિયુક્ત વ્યક્તિઓ અને અન્ય અધિકૃત વ્યક્તિઓને જ કરી શકાતું હતું. લાયલપુરના રહેવાસી વાદીઓ આવા સરકારી નિયુક્ત વ્યક્તિઓ હતા. દિલ્હી ખાતે વડી કચેરી ધરાવતી પ્રતિવાદી કંપની લાયલપુરમાં શાખા કચેરી તેમજ મિલ ધરાવતી હતી અને લાયલપુર સ્થિત તેના બ્રાન્ચ મેનેજર મારફત સરકારી ક્વોટા મુજબ સમયાંતરે વાદીઓને કાપડ પૂરું પાડતી હતી. તેમના વ્યવહારો ૧૯૪૭ પૂર્વે આશરે ૪ કે ૫ વર્ષ સુધી ચાલ્યા હતા.

તેમના કરાર અનુસાર વાદીઓએ લાયલપુર ખાતે પ્રતિવાદીના બ્રાન્ચ મેનેજર પાસે રૂ. ૧,૦૦૦ ની જામીન અનામત રકમ જમા રાખી હતી અને લાયલપુર ખાતે સમયાંતરે તેમની પાસે વધુ નાણાં જમા કરાવ્યા હતા. પ્રતિવાદી તે થાપણો સામે વાદીઓને તેમનો કાપડનો ક્વોટા પૂરો પાડતી હતી. આ રીતે પક્ષકારો વચ્ચે ચાલુ ખાતું હતું જેમાં સિલક ક્યારેક વાદીઓની તરફેણમાં તો ક્યારેક તેમની વિરુદ્ધમાં રહેતી હતી; જ્યારે વિરુદ્ધમાં હોતી ત્યારે તેઓ "ઓવરડ્રાફ્ટ" પર પ્રતિવાદીને વ્યાજ ચૂકવતા હતા. માલ લાયલપુર ખાતે પૂરો પાડવાનો હતો અને તમામ નાણાં ત્યાં જ ચૂકવાતા હતા. હિસાબો લાયલપુર ખાતે રાખવામાં આવતા હતા, જોકે તેની નકલો દિલ્હી ખાતેની પ્રતિવાદીની વડી

કચેરીએ મોકલવામાં આવતી હતી.

૧૯૪૭ માં જ્યારે ભારતનું વિભાજન થયું ત્યારે લાયલપુર પાકિસ્તાનના ભાગે ગયું હતું. આથી વાદીઓ દેશ છોડીને નિર્વાસિત તરીકે ભારતમાં પ્રવેશ્યા હતા. તેઓ દિલ્હીમાં સ્થાયી થયા અને આ રીતે પાકિસ્તાની વટહુકમ અનુસાર "ઇવેક્યુઈ" બન્યા હતા. તે સમયે વાદીઓની તરફેણમાં રૂ. ૧૧,૪૯૬-૬-૬ ની સિલક બોલતી હતી. તે મુજબ તેઓએ આ રકમની પુનઃચુકવણી અને પોતાની જામીન અનામત પરત મેળવવા માટે દિલ્હી ખાતે માંગણી કરી હતી.

તે દરમિયાન પાકિસ્તાન સરકારે એક વટહુકમ બહાર પાડ્યો હતો જેમાં (૧) તમામ ઇવેક્યુઈ મિલકત પાકિસ્તાનમાં ઇવેક્યુઈ પ્રોપર્ટીના કસ્ટોડિયનમાં નિહિત કરવામાં આવી હતી; (૨) ઇવેક્યુઈઓને નાણાં ચૂકવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો; અને (૩) ઇવેક્યુઈઓને ચૂકવવાપાત્ર અથવા તેમના દ્વારા દાવો કરવા યોગ્ય તમામ નાણાં પાકિસ્તાનમાં ઇવેક્યુઈ પ્રોપર્ટીના ડેપ્યુટી કસ્ટોડિયનને ચૂકવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. આ રીતે કરવામાં આવેલી ચૂકવણી, તે ચૂકવણીની હદ સુધી આગળની જવાબદારીમાંથી મુક્તિ આપતી હતી. આ કાયદાનો ભંગ ગુના તરીકે શિક્ષાપાત્ર હતો.

ડેપ્યુટી કસ્ટોડિયને વાદીને મળવાપાત્ર નાણાંની ચૂકવણી માટે પ્રતિવાદી પાસે માંગણી કરી હતી. અમુક પત્રવ્યવહાર અને વાંધાઓ બાદ આદેશ અનુસાર ચૂકવણી કરવામાં આવી હતી. પ્રતિવાદીએ આ દાવા સામે આ બાબતને પોતાના બચાવ તરીકે રજૂ કરી હતી.

ઠરાવવામાં આવ્યું: (૧) લાયલપુર પ્રાથમિક જવાબદારીનું સ્થળ હતું કારણ કે કરાર હેઠળ તેના અંતે બાકી રહેતી સિલક ત્યાં જ ચૂકવવાની હતી અને અન્ય ક્યાંય નહીં, તદનુસાર લાયલપુરમાં માંગણી અને ઇનકાર પૂર્વે દિલ્હી ખાતે કરવામાં આવેલી ચૂકવણીની માંગણી બિનઅસરકારક હતી;

(૨) ચૂકવણી કરવાનો કરાર જે તત્ત્વોમાંથી ઉદ્ભવ્યો હતો તે તત્ત્વો લાયલપુર ખાતે સૌથી વધુ કેન્દ્રિત થયેલા હતા, તેથી લાયલપુર કરારનું કુદરતી સ્થાન અને તેની સાથે સૌથી નિકટવર્તી અને વાસ્તવિક સંબંધ ધરાવતું સ્થળ હતું. તદનુસાર, "કરારનો પ્રોપર લો" એ લાયલપુરનો કાયદો હતો;

(૩) અંગ્રેજી સિદ્ધાંત હેઠળ પણ દેવાનું લેક્સ સિટસ લાયલપુર હતું; અને તેથી

(૪) બંને રીતે, લાયલપુરનો કાયદો લાગુ પડતો હતો

(૫) જે પાલન કરવાનું બાકી હતું તે સમયે લાયલપુર ખાતે પ્રવર્તતો હતો કારણ કે કરારનું સંચાલન કરવા માટે સમગ્રપણે અભિપ્રેત એવો "પ્રોપર લો" એ 'જીવંત અને પરિવર્તનશીલ કાયદાકીય માળખા' તરીકે અમલમાં મુકાય છે અને તદનુસાર, પાલનની મુદત પૂર્વે તેમાં થતા કોઈપણ ફેરફારોને અસર આપવામાં આવે છે;

(૬) "દેવું" એ કોર્ટમાં દાવો કરી શકાય તેવો હક હોઈ પાકિસ્તાની વટહુકમના અર્થઘટન મુજબ "મિલકત" બને છે અને તેથી,

(૭) ડેપ્યુટી કસ્ટોડિયનને નાણાં યોગ્ય રીતે ચૂકવવામાં આવ્યા હતા અને તે કાયદેસરની મુક્તિ તરીકે પરિણમ્યા હતા અને પ્રતિવાદીને આગળની જવાબદારીમાંથી મુક્ત કર્યા હતા.

પરંતુ વિચારણીય પ્રશ્ન એ છે કે શું એવા કિસ્સામાં જુદી પરિસ્થિતિ ઊભી ન થાય જ્યાં કોઈ ચૂકવણી કરવામાં ન આવી હોય અને પાકિસ્તાનમાં પ્રતિવાદી પાસે કોઈ એવી જપ્ત કરવા યોગ્ય અસ્કયામતો ન હોય જેમાંથી પશ્ચિમ પંજાબ સરકાર ત્યાં રહેલી પ્રતિવાદીની મિલકતમાંથી દેવું વસૂલ કરી શકે.

(૮) કેસને પ્રસ્તુત પાકિસ્તાની વટહુકમની જોગવાઈઓ ભારતની જાહેર નીતિ વિરુદ્ધની નથી અને તેથી આ પ્રકારના દાવામાં બચાવ તરીકે તેના પર આધાર રાખી શકાય છે.

અપીલ મંજૂર કરવામાં આવી.

માઉન્ટ આલ્બર્ટ બરો કાઉન્સિલ વિરુદ્ધ ઑસ્ટ્રેલેશિયન ટેમ્પરન્સ, વગેરે (૧૯૩૮ એ.સી. ૨૨૪), બોનીથોન વિરુદ્ધ કોમનવેલ્થ ઑફ ઑસ્ટ્રેલિયા (૧૯૫૧ એ.સી. ૨૦૧, પાના ૨૧૯ પર), બેંક ઑફ ત્રાવણકોર વિરુદ્ધ ધીરત રામ (૬૯ આઇ.એ. ૧, પાના ૮ પર), ન્યૂ યોર્ક લાઇફ ઇન્સ્યોરન્સ વિરુદ્ધ પબ્લિક ટ્રસ્ટી ([૧૯૨૪] ૨ સી.એચ. ૧૦૧, પાના ૧૧૯ પર), રેક્સ વિરુદ્ધ લોવિટ (૧૯૧૨ એ.સી. ૨૧૨), જોકિમસન વિરુદ્ધ સ્વિસ બેંક કોર્પોરેશન ([૧૯૨૧] ૩ કે.બી. ૧૧૦), આરબ બેંક વિરુદ્ધ બાર્કલેઝ બેંક (૧૯૫૪ એ.સી. ૪૯૫, પાના ૫૩૧ પર), ફૌઆદ બિશારા વિરુદ્ધ સ્ટેટ ઑફ ઇઝરાયેલ

([૧૯૫૪] ૧ એ.ઈ.આર. ૧૪૫), રી ચેસ્ટરમેન્સ ટ્રસ્ટ્સ ([૧૯૨૩] ૨ સી.એચ. ૪૬૬, પાના ૪૭૮ પર), રી બેંક દસ માર્શન્ડ્સ ઇ મોસ્કો ([૧૯૫૪] ૨ એ.ઈ.આર. ૭૪૬), ઓડવિન વિરુદ્ધ ફોર્બ્સ (૧૮૧૭ બક ૫૭) અને રી મુન્સ્ટર ([૧૯૨૦] ૧ સી.એચ. ૨૬૮), સંદર્ભિત.

દિવાની અપીલ અધિકારક્ષેત્ર : દિવાની અપીલ નં. ૨૦૦/૧૯૫૪ .

દિલ્હી ખાતેની સબઓર્ડિનેટ જજની કોર્ટ દ્વારા ૧૯૫૦ ના દાવો નં. ૬૫૭ માં તારીખ ૧૪ મી એપ્રિલ ૧૯૫૨ ના રોજ આપવામાં આવેલા ચુકાદા અને હુકમનામામાંથી ઉદ્ભવતી ૧૯૫૨ ની રેગ્યુલર ફર્સ્ટ અપીલ નં. ૭૨ માં પંજાબ હાઇકોર્ટની દિલ્હી સ્થિત સર્કિટ બેંચ (વેસ્ટન ચીફ જસ્ટિસ અને ભંડારી જે.) ના તારીખ ૬ ડિસેમ્બર ૧૯૫૨ ના ચુકાદા અને હુકમનામા વિરુદ્ધ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૩૩ અને દિવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૧૦૯ હેઠળ.

અપીલકર્તા તરફથી એન. સી. ચેટરજી (તેમની સાથે તારાચંદ બ્રિજમોહનલાલ અને બી. પી. મહેશ્વરી).

સામાવાળા તરફથી આર. એસ. નરૂલા.

૧૯૫૫. એપ્રિલ ૨૧. કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ બોઝ દ્વારા આપવામાં આવેલ.

ન્યાયમૂર્તિ બોઝ—પ્રતિવાદી દ્વારા આ અપીલ દાખલ કરવામાં આવેલ છે.

વાદીઓ હરનામ સિંહ જગત સિંહ નામની પેઢીના ભાગીદારો હતા. ભારતના વિભાજન પૂર્વે તેઓ લાયલપુર ખાતે સુતરાઉ કાપડના વેપારી તરીકેનો ધંધો કરતા હતા, જે સ્થળ હવે પાકિસ્તાનમાં આવેલું છે.

પ્રતિવાદી ધી દિલ્હી ક્લોથ એન્ડ જનરલ મિલ્સ કંપની લિમિટેડ છે. તે દિલ્હી અને અન્ય સ્થળોએ વ્યવસાય કરતી એક રજિસ્ટર્ડ કંપની છે અને દિલ્હી ખાતે તેની વડી કચેરી ધરાવે છે. વિભાજન પૂર્વે જ્યાં તે ધંધો કરતી હતી તેવા સ્થળો પૈકીનું એક સ્થળ લાયલપુર હતું.

વાદીઓનો કેસ એવો છે કે તેઓએ ૧૯૪૭ પૂર્વે આશરે ત્રણ કે ચાર વર્ષ સુધી પ્રતિવાદી કંપની સાથે વેપાર ચલાવ્યો હતો અને સમયાંતરે કંપની પાસેથી કાપડ ખરીધું હતું. તેમના વ્યવસાય દરમિયાન તેઓ પોતાની ખરીદી સામે પ્રતિવાદીને એકસામટી રકમો ચૂકવતા હતા. ક્યારેક આ અગાઉથી કરેલી ચૂકવણીઓ રહેતી અને અન્ય સમયે સિલક તેમની વિરુદ્ધ બોલતી હતી. જ્યારે સિલક વિરુદ્ધ રહેતી ત્યારે વાદીઓ પ્રતિવાદીને વ્યાજ ચૂકવતા હતા: જુઓ ફરિયાદપક્ષના સાક્ષી ૩ તરીકે વાદી સરદારી લાલ.

તારીખ ૨૮–૭–૧૯૪૭ ના રોજ ખાતું વાદીઓની તરફેણમાં હતું. જામીન પેટે રૂ. ૧,૦૦૦ ની અનામત રકમ ઉપરાંત તેમની જમા સિલક તરીકે રૂ. ૭૯–૬–૬ બોલતા હતા. તે દિવસે તેઓએ વધુ રૂ. ૫૫,૦૦૦ જમા કરાવ્યા, જેથી તેમની તરફેણની સિલક વધીને રૂ. ૫૬,૦૭૯–૬–૬ થઈ હતી. તે સમયે કે તેની આસપાસ પ્રતિવાદી કંપનીએ આ રકમ સામે વાદીઓને રૂ. ૪૩,૫૮૩–૦–૦ ની

કિંમતનું કાપડ પૂરું પાડ્યું હતું. જેથી રૂ. ૧૧,૪૯૬-૬-૬ ની સિલક બાકી રહી હતી. આ બાકી સિલક વત્તા વ્યાજ વસૂલવા માટે આ દાવો કરવામાં આવ્યો છે. દાવો રૂ. ૧૨,૪૯૬-૬-૬ માટે મંજૂર કરવામાં આવ્યો હતો અને હાઇકોર્ટમાં અપીલમાં તે બહાલ રાખવામાં આવ્યો હતો. પ્રતિવાદી અહીં અપીલ દાખલ કરે છે.

પ્રતિવાદી ઉપર જણાવેલી હકીકતોનો સ્વીકાર કરે છે પરંતુ નીચેના કારણોસર આ કાર્યવાહી સામે બચાવ રજૂ કરે છે. તેની દલીલ એવી છે કે જ્યારે તારીખ ૧૫-૮-૧૯૪૭ ના રોજ ભારતનું વિભાજન થયું ત્યારે લાયલપુર, જ્યાં આ વ્યવહારો થયા હતા અને જ્યાં નાણાં સ્થિત છે, તે પાકિસ્તાનને સોંપવામાં આવ્યું હતું. આ સમયે વાદીઓ ભાગીને ભારત આવ્યા હતા અને આથી તેઓ ઇવેક્યુઈ બન્યા હતા અને પાકિસ્તાન સરકારે તમામ ઇવેક્યુઈ અસ્કયામતો જપ્ત કરી લીધી હતી અને પાછળથી પ્રતિવાદીને તે પાકિસ્તાનમાં ઇવેક્યુઈ પ્રોપર્ટીના કસ્ટોડિયનને સોંપી દેવા ફરજ પાડી હતી. જો પાકિસ્તાન સરકાર આ નાણાં મુક્ત કરે તો પ્રતિવાદી તે ચૂકવવા તૈયાર અને રાજી છે, પરંતુ જ્યાં સુધી સરકાર તેમ ન કરે ત્યાં સુધી પ્રતિવાદીની એવી દલીલ છે કે તે ચૂકવણી કરવામાં અસમર્થ છે અને જવાબદાર નથી. માત્ર પ્રશ્ન એ છે કે તે સંજોગોમાં પક્ષકારોના અધિકારો અને જવાબદારીઓ શું છે? આ દાવામાં સંડોવાયેલી રકમ, ભલે નોંધપાત્ર હોય, આવી જ મુશ્કેલીમાં મુકાયેલા લોકો દ્વારા અને તેમની સામેના દાવાઓની સંખ્યાની સરખામણીમાં મોટી નથી. પ્રતિવાદી પોતે આવા અનેક વ્યવહારોમાં સંડોવાયેલી છે. તેની યાદી આંક ડી-૧૧ માં જોવા મળે છે. બચાવપક્ષના સાક્ષી ૧ મોહમ્મદ

બશીર ખાન જણાવે છે કે કુલ રકમ રૂ. ૧,૪૬,૨૦૯–૧–૯ થાય છે. તેથી પ્રતિવાદીએ એક ટેસ્ટ કેસ તરીકે આ કાર્યવાહીનો બચાવ કરવાનું પસંદ કર્યું છે.

વધુ હકીકતો આ મુજબ છે. વિભાજન પૂર્વેના પ્રસ્તુત સમયગાળા દરમિયાન, જ્યાં લાયલપુર આવેલું છે તેવા પંજાબ સહિતના સ્થળોએ કાપડનું રેશનિંગ કરવામાં આવ્યું હતું અને તેનું વિતરણ નિયંત્રિત હતું. યોજના અનુસાર જુદા જુદા વિસ્તારોને ક્વોટા ફાળવવામાં આવતા હતા અને કાપડના ઉત્પાદકો અને સપ્લાયરો માત્ર તે ક્વોટા અનુસાર જ છૂટક વેપારીઓને પોતાનું કાપડ વિતરિત કરી શકતા હતા, અને તે વિસ્તારોના વેપારીઓ તેમને ફાળવવામાં આવેલા ક્વોટા સુધી અને તે અનુસાર જ કાપડની આયાત કરી શકતા હતા. જો સપ્લાયર્સ પોતે કોઈ ચોક્કસ વિસ્તારમાં છૂટક દુકાન કે વ્યવસાય ધરાવતા હોય, તો તે વિસ્તારનો ક્વોટા સપ્લાયર અને નોમિનેટેડ ઈમ્પોર્ટર કહેવાતા સરકારી ક્વોટા ધારક કે ધારકો વચ્ચે વહેંચવામાં આવતો હતો. સપ્લાયર્સની સ્થાનિક એજન્સીને તે વિસ્તારમાં તેને ફાળવવામાં આવેલા ક્વોટાના હિસ્સા સુધી આયાત કરવાની મંજૂરી આપવામાં આવતી હતી અને સપ્લાયર્સ બાકીનો ક્વોટા સરકારી ક્વોટા ધારક કે ધારકોને આપવા બંધાયેલા હતા. વાદીઓ લાયલપુર માટેના સરકારી ક્વોટા ધારક હતા અને પ્રતિવાદી કંપની પણ લાયલપુર મિલ્સના જનરલ મેનેજર મારફત ત્યાં વેપાર ચલાવતી હતી.

એ બાબત સ્વીકૃત છે કે પ્રતિવાદી આ મિલોની માલિકી ધરાવે છે પરંતુ આ મિલો પ્રતિવાદી કંપનીની શાખા છે કે કેમ તે બાબત અમારી સમક્ષ વિવાદનો

વિષય છે; પરંતુ લાયલપુર મિલ્સનો વાસ્તવિક દરજ્જો ગમે તે હોય, પુરાવા અને દસ્તાવેજો પરથી એ સ્પષ્ટ છે કે આ મિલોના જનરલ મેનેજર લાયલપુર ખાતે પ્રતિવાદીનો સુતરાઉ કાપડનો વ્યવસાય સંભાળતા હતા.

એવું જણાય છે કે પંજાબ માટેની કાપડ વિતરણ યોજનાની વિગતો, જ્યાં સુધી તે પ્રતિવાદી કંપનીને સ્પર્શતી હતી, તે પંજાબના સિવિલ સપ્લાય વિભાગના સચિવના તારીખ ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ ના પત્રમાં સમાવિષ્ટ હતી. તે પત્ર રજૂ કરવામાં આવ્યો નથી અને તેથી અમે તેની ચોક્કસ વિગતો જાણતા નથી પરંતુ તેનો ઉલ્લેખ પ્રતિવાદી કંપની દ્વારા દિલ્હીથી લાયલપુરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને લખાયેલા પત્રોની શ્રેણીમાં મળે છે. તે પત્રો તારીખ ૩–૧–૧૯૪૬ થી ૧૯–૪–૧૯૪૭ સુધીના સમયગાળાના છે: (આંક પી–૫ થી પી–૧૨). તે બધા એક જ સ્વરૂપના છે, માત્ર આંકડા અને તારીખો જુદી પડે છે. પ્રથમ પત્ર, આંક પી–૫ ટાંકવો પૂરતો રહેશે. તે તારીખ ૩–૧–૧૯૪૬ નો છે અને પ્રતિવાદી કંપની ધી દિલ્હી ક્લોથ એન્ડ જનરલ મિલ્સ કંપની લિમિટેડના સેન્ટ્રલ માર્કેટિંગ ઓર્ગેનાઇઝેશન તરફથી છે. તે દિલ્હીથી લાયલપુરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને લખાયેલો છે અને નીચે મુજબ છે:

"ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટશ્રી,

લાયલપુર.

બાબત: કાપડ વિતરણ યોજના.

મહાશય,

સંદર્ભ: સચિવશ્રી, સિવિલ સપ્લાય વિભાગ, પંજાબ સરકાર, લાહોરનો તારીખ ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ નો પત્ર નં. ૧૫૮૪૧–સીએલ–(ડી)–૪૫/૮૩૪૨.

મહેરબાની કરીને નોંધ લેશો કે અમે જાન્યુઆરી ૧૯૪૬ ના માસ માટે આપના જિલ્લા માટે ૨૮ ગાંસડી ફાળવેલ છે. આમાંથી ૧૮ ગાંસડીનો જથ્થો આપના જિલ્લા/રાજ્યમાં આવેલ અમારા રીટેલ સ્ટોર્સ પર રવાના કરવામાં આવશે અને બાકી રહેલી ૧૦ ગાંસડી આપના નોમિનેટેડ ઈમ્પોર્ટરને ડિલિવરી માટે ઉપલબ્ધ રહેશે.

જો આપ આપના નોમિનેટેડ ઈમ્પોર્ટરને ડિલિવરી માટે નિયત થયેલી બે તારીખોના ૧૫ દિવસની અંદર, એટલે કે અનુક્રમે ૨૦ મી જાન્યુઆરી અને ૫ મી ફેબ્રુઆરી ૧૯૪૬ સુધીમાં અમારી પાસેથી આ માલ મેળવી લેવાની સૂચના આપવાની કૃપા કરશો તો અમે આભારી થઈશું. એ બાબત ધ્યાને લેશો કે જો અગાઉની તારીખ સુધીમાં ડિલિવરી લેવામાં નહીં આવે તો પ્રથમ અર્ધ ક્વોટા રદબાતલ થશે અને પાછળની તારીખ સુધીમાં લેવામાં નહીં આવે તો બીજો અર્ધ ક્વોટા રદબાતલ થશે.

આપનો વિશ્વાસુ,

ડી.સી. એન્ડ જેન. મિલ્સ કું. લિ."

દરેક કિસ્સામાં વાદીઓને નીચે મુજબ દર્શાવીને એક નકલ મોકલવામાં

આવી હતી:

"નોમિનેટેડ ઈમ્પોર્ટરને નકલ રવાના:–

જગત સિંહ હરનામ સિંહ,

કાપડના વેપારી,

લાયલપુર".

ધ ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ એક્ટ, ૧૯૪૭ તારીખ ૧૮–૭–૧૯૪૭ ના રોજ પસાર કરવામાં આવ્યો હતો અને બાઉન્ડ્રી કમિશનના એવોર્ડને આધીન રહીને લાયલપુર જિલ્લો પાકિસ્તાનને સોંપવામાં આવ્યો હતો. ત્યારપછી તારીખ ૧૫–૮–૧૯૪૭ ના રોજ વિભાજન થયું અને તે સમયે કે તેની આસપાસ વાદીઓ ભારતમાં ભાગી આવ્યા હતા. આનાથી તેઓ પાછળથી આવેલા વટહુકમ અનુસાર ઈવેક્યુઈ બન્યા હતા. પરંતુ તે વટહુકમ બહાર પાડવામાં આવ્યો તે પહેલાં, સિવિલ સપ્લાયના આસિસ્ટન્ટ ડિરેક્ટર, કે જેઓ પશ્ચિમ પંજાબ સરકારના અંડર સેક્રેટરી પણ હતા, તેમણે તારીખ ૧૭–૨–૧૯૪૮ ના રોજ લાયલપુર ખાતેના પ્રતિવાદીના જનરલ મેનેજરને (લાયલપુર ક્લોથ મિલ્સના જનરલ મેનેજર) પત્ર લખીને જણાવ્યું હતું કે—

"બિન–મુસ્લિમ વેપારીઓ દ્વારા જમા કરાવવામાં આવેલી રકમ આગળના આદેશો ન થાય ત્યાં સુધી તેમને પરત કરવી નહીં". (આંક ડી–૧).

પ્રતિવાદીએ મુકદ્દમા સિવાય, આ આદેશ સામે વિરોધ નોંધાવવા અને તેને રદ કરાવવા શક્ય તમામ પ્રયાસો કર્યા હતા. લાયલપુર સ્થિત તેના જનરલ મેનેજરે તારીખ ૧૪-૪-૪૮, ૯-૮-૪૮ (આંક ડી-૨ અને ડી-૪), ૨૩-૪-૪૯ (આંક ડી-૭) અને ૬-૬-૪૯ (આંક ડી-૮) ના રોજ સિવિલ સપ્લાયના આસિસ્ટન્ટ ડિરેક્ટરને પત્રો લખ્યા હતા, પરંતુ મળેલા જવાબો પ્રતિકૂળ હતા. તારીખ ૩૦-૪-૪૮ ના રોજ આસિસ્ટન્ટ ડિરેક્ટરે જણાવ્યું હતું કે કોઈપણ સંજોગોમાં રકમ પરત કરવી નહીં (આંક ડી-૩) અને તારીખ ૧-૧૧-૪૮ ના રોજ આદેશ આપ્યો હતો કે આ રકમો ઈવેક્યુઈ પ્રોપર્ટીના કસ્ટોડિયન પાસે જમા કરાવવી (આંક ડી-૫). આ બાબત તે સમયે અમલમાં રહેલા વટહુકમ અનુસાર હતી. પાછળથી, તારીખ ૮-૧૧-૪૮ ના રોજ, જનરલ મેનેજરને ડેપ્યુટી કસ્ટોડિયન તરફથી આદેશો મળ્યા કે નાણાં ડેપ્યુટી કસ્ટોડિયન પાસે જમા કરાવવા (આંક ડી-૬) અને તારીખ ૨૩-૬-૪૯ ના રોજ કસ્ટોડિયન દ્વારા આ આદેશોનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું (આંક ડી-૯).

તે દરમિયાન વાદીઓ, કે જેઓ તે સમય સુધીમાં દિલ્હી સ્થળાંતર કરી ચૂક્યા હતા, તેઓએ ચૂકવણી માટે દિલ્હીમાં પ્રતિવાદી સમક્ષ માંગણીઓની શ્રેણી કરી હતી. આ પત્રો તારીખ ૩-૧-૪૯ (આંક પી.ડબલ્યુ. ૪/૪), ૨૭-૧-૪૯ (આંક પી.ડબલ્યુ. ૪/૧), ૧૧-૩-૪૯ (આંક પી.ડબલ્યુ. ૪/૩) અને ૨૬-૩-૪૯ (આંક પી.ડબલ્યુ. ૪/૨) ના છે. પ્રતિવાદીનું વલણ તારીખ ૧૨-૨-૪૯ ના વાદીઓને લખેલા તેના પત્રમાં સ્પષ્ટ થાય છે (આંક પી-૩). પ્રતિવાદીએ જણાવ્યું હતું કે તેને પશ્ચિમ પંજાબ સરકાર તરફથી, સિવિલ

સપ્લાયના આસિસ્ટન્ટ ડિરેક્ટર મારફત, પશ્ચિમ પંજાબ સરકારના આદેશો વિના કોઈપણ રિફંડ ન કરવાના આદેશો મળ્યા હતા.

તારીખ ૧૫–૧૦–૧૯૪૯ ના રોજ ૧૯૪૮ ના વટહુકમના સ્થાને ૧૯૪૯ નો વટહુકમ નં. ૧૫ અમલમાં આવ્યો હતો (આંક ડી–૨૬) પરંતુ તેનાથી ઇવેક્યુઈ ફંડ્સ અને મિલકતો અંગેના કાયદામાં કોઈ ફેર પડ્યો ન હતો.

તારીખ ૪–૭–૧૯૫૦ ના રોજ વાદીઓએ પ્રતિવાદીને દાવાની નોટિસ આપી હતી (આંક પી–૧૪). દિલ્હી ખાતેના પ્રતિવાદીના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા આ નોટિસ લાયલપુર ખાતેના પ્રતિવાદીના જનરલ મેનેજરને મોકલવામાં આવી હતી અને જનરલ મેનેજરને વાદીઓને નાણાં ચૂકવવા માટે પશ્ચિમ પંજાબ સરકારની મંજૂરી મેળવવા પ્રયાસ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો; અને તારીખ ૨૭–૭–૧૯૫૦ ના રોજ પ્રતિવાદીએ વાદીઓને પત્ર લખીને જણાવ્યું કે —

> "અમે પુષ્ટિ કરીએ છીએ કે લાયલપુર સ્થિત અમારી લાયલપુર કોટન મિલ્સ ખાતે તમારી એડવાન્સ ડિપોઝીટ અને જામીન ડિપોઝીટ પેટે અનુક્રમે રૂ. ૧૧,૪૯૬–૬–૬ અને રૂ. ૧,૦૦૦ ની રકમ તમારા ખાતે લેણી નીકળે છે, અને પશ્ચિમ પંજાબ સરકાર દ્વારા આવી ડિપોઝીટ પરત કરવા પર મૂકવામાં આવેલો અને સદર મિલ્સ પર બજાવવામાં આવેલો મનાઈ હુકમ પાછો ખેંચવામાં આવે અથવા રદ કરવામાં આવે કે તરત જ સદર મિલ્સ દ્વારા તમને આ રકમ પરત કરવામાં આવશે, અને ત્રણ વર્ષની

સામાન્ય સમયમર્યાદા વીતી જવાના કારણે તમારા દાવાને કોઈ પ્રતિકૂળ અસર થશે નહીં". (આંક પી–૪).

પ્રતિવાદીના જવાબથી વાદીઓને સંતોષ ન થયો, તેથી તેઓએ તારીખ ૧૬–૧૨–૧૯૫૦ ના રોજ હાલનો દાવો દાખલ કર્યો હતો.

દાવો થયા પછી પ્રતિવાદીના મેનેજિંગ ડિરેક્ટરે તારીખ ૨–૪–૧૯૫૧ ના રોજ પાકિસ્તાન સરકારના જોઈન્ટ સેક્રેટરીને વ્યક્તિગત રીતે પત્ર લખ્યો હતો પરંતુ તારીખ ૨૧–૪–૧૯૫૧ ના રોજ તેમને જણાવવામાં આવ્યું હતું કે આ બાબતની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી છે અને નાણાં કસ્ટોડિયન પાસે જમા કરાવવા જ પડશે (આંક ડી–૨૫). તારીખ ૩૦–૪–૧૯૫૧ ના રોજ બીજો પ્રયાસ કરવામાં આવ્યો હતો (આંક ડી–૨૪) અને જોઈન્ટ સેક્રેટરીનો ફરીથી સંપર્ક કરવામાં આવ્યો હતો. તે પછી તરત જ તારીખ ૯–૫–૧૯૫૧ ના રોજ એક અસાધારણ વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો (આંક ડી–૨૭) જેમાં મુખ્ય વટહુકમના અમલમાંથી "બેંકોમાં વ્યક્તિઓની રોકડ થાપણો" ને મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ જોઈન્ટ સેક્રેટરીએ તારીખ ૨–૬–૧૯૫૧ ના રોજ લખ્યું કે આ બાબત ખાનગી દેવાં અને થાપણોને લાગુ પડતી નથી અને ફરીથી પ્રતિવાદીને નાણાં કસ્ટોડિયન પાસે જમા કરાવવા જણાવ્યું હતું (આંક ડી–૨૩). છેવટે, કસ્ટોડિયને તારીખ ૬–૧૧–૧૯૫૧ ના રોજ આદેશ જારી કરીને તે માસની ૧૫ મી તારીખ સુધીમાં થાપણો જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, "જેમાં કસૂર થયે તમારી સામે કાનૂની કાર્યવાહી કરવી પડશે". (આંક ડી–૧૦).

નાણાં તારીખ ૧૫–૧૧–૧૯૫૧ ના રોજ મુદતના અંતિમ દિવસે જમા કરાવવામાં આવ્યા હતા (આંક ડી–૧૨).

પ્રથમ પ્રશ્ન જે અમારે નક્કી કરવાનો છે તે એ છે કે વાદીઓ જે જવાબદારીનો અમલ કરાવવા માંગે છે તે જે કરારમાંથી ઉદ્ભવે છે તેનું ચોક્કસ સ્વરૂપ શું છે. દાવામાં માંગવામાં આવેલી રકમ, વ્યાજ ઉપરાંત, ત્રણ બાબતોની બનેલી છે:

(૧) અગાઉના ખાતામાંથી બાકી નીકળતા રૂ. ૭૯–૬–૬;

(૨) તારીખ ૨૮–૭–૧૯૪૭ ના રોજ જમા કરાવેલા રૂ. ૫૫,૦૦૦ ની રકમમાંથી બાકી રહેતી સિલકના રૂ. ૧૧,૪૯૬–૬–૬; અને

(૩) જામીન પેટે રૂ. ૧,૦૦૦.

આ ત્રણેય બાબતો એકબીજા સાથે જોડાયેલી જણાય છે પરંતુ અમે હાલ પૂરતું સૌથી મોટી રકમ, એટલે કે રૂ. ૫૫,૦૦૦ ની થાપણ પર ધ્યાન કેન્દ્રિત કરીશું. બંને પક્ષોએ સમગ્ર કાર્યવાહી દરમિયાન તેને "ડિપોઝીટ" તરીકે ઓળખાવી છે પરંતુ અમારે તેના ચોક્કસ સ્વરૂપની તપાસ કરવી પડશે કારણ કે થાપણો વિવિધ પ્રકારની હોય છે અને અમે કાયદો લાગુ કરીએ તે પહેલાં આ કયા પ્રકારની થાપણ હતી તે જાણવું જરૂરી બનશે.

કમનસીબે, પુરાવો અપૂરતો અને છૂટોછવાયો છે, તેથી એક સુસંગત ચિત્ર ઊભું કરવા માટે અમારે ઘણી અસંબદ્ધ સામગ્રીને એકસાથે જોડવી પડી છે. એ

સ્વીકૃત છે કે તમામ પ્રસ્તુત સમયે આ વિસ્તારમાં કાપડનું વિતરણ (અવિભાજિત ભારતમાં) પંજાબ સરકાર દ્વારા નિયંત્રિત હતું. એ પણ સ્વીકૃત છે કે વાદીઓ લાયલપુર માટે કહેવાતા "સરકારી નોમિની" હતા. દાવાની અરજીમાં વાદીઓએ પોતાને "રિઝર્વ ડીલર" તરીકે પણ ઓળખાવ્યા છે. આ શબ્દ સમજાવવામાં આવ્યો નથી પરંતુ આ શબ્દો અને "નોમિનેટેડ ઈમ્પોર્ટર" શબ્દોનો ઉપયોગ દર્શાવે છે કે વાદીઓ એક વિશેષાધિકાર ધરાવતું સ્થાન ભોગવતા હતા. પત્રો (આંક પી–૫ થી પી–૧૨), જેના પર વાદીઓએ ખૂબ જ ભાર મૂક્યો હતો, તે પણ આ બાબત તરફ નિર્દેશ કરે છે; દાખલા તરીકે આંક પી–૫ દર્શાવે છે કે પંજાબ સરકારના આદેશો હેઠળ પ્રતિવાદી તે વિસ્તાર માટેના ૨૮ ગાંસડીના ક્વોટામાંથી ૧૦ ગાંસડી વાદીઓને આપવા બંધાયેલી હતી અને જાન્યુઆરી ૧૯૪૬ ના માસમાં પોતાના છૂટક સ્ટોર્સ માટે માત્ર ૧૮ ગાંસડી જ રાખી શકતી હતી. એપ્રિલમાં પ્રતિવાદીને તમામ ૨૮ ગાંસડી રાખવાની મંજૂરી આપવામાં આવી હતી પરંતુ જુલાઈમાં વિતરણ વાદીઓની તરફેણમાં ૩૫ : ૨૫ નું હતું. સપ્ટેમ્બર, નવેમ્બર (૧૯૪૬) અને એપ્રિલ ૧૯૪૭ માં તે અડધોઅડધ હતું. ફેબ્રુઆરી અને માર્ચ ૧૯૪૭ માં વાદીઓ અને પ્રતિવાદીના સ્ટોર્સ માટે તે અનુક્રમે ૧૦ : ૨૬ અને ૨૯ : ૨૬ નું હતું.

હવે સામાન્ય રીતે, કોઈપણ વિશેષાધિકાર માટે કિંમત ચૂકવવી પડે છે અને એવું જણાય છે કે આ વિશેષાધિકારની કિંમત (૧) રૂ. ૧,૦૦૦ ની જામીન અનામતની ચૂકવણી અને (૨) બીજી એવી થાપણની ચૂકવણી હતી જેની સામે સમયાંતરે કાપડ આપવામાં આવતું હતું, જે ઘણી ખરી રીતે બેંકર ચાલુ ખાતામાં

નાણાંની થાપણો સામે ગ્રાહકને નાણાં આપે તે સમાન હતું, માત્ર એટલો તફાવત હતો કે અહીં નાણાંની રકમને બદલે કાપડ આપવામાં આવતું હતું. અમે ઉપર જણાવેલી બાબતો પરથી અને નીચેની હકીકતો પરથી આ તારણ કાઢીએ છીએ:

(૧) બંને પક્ષોએ પોતાના સોગંદનામા/બચાવનામામાં આ ચૂકવણીને "થાપણ" તરીકે ઓળખાવી છે;

(૨) વાદીઓ "આ ડિપોઝીટ સામે" માલ મેળવવાની વાત કરે છે (દાવાની કલમ ૩) અને મોહમ્મદ બશીર ખાન (બચાવપક્ષના સાક્ષી ૧) "આ એડવાન્સ સામે" ડિલિવરી થવાની વાત કરે છે;

(૩) વાદી સરદારી લાલ (ફરિયાદપક્ષના સાક્ષી ૩) જણાવે છે કે પક્ષકારો ૩ કે ૪ વર્ષથી વ્યવહારો ચલાવી રહ્યા હતા અને "મિલોને સમયાંતરે એડવાન્સ ચૂકવવામાં આવતા હતા. ક્યારેક અમારી સિલક જમા બોલતી હતી";

(૪) સરદારી લાલ જણાવે છે કે જ્યારે તેમની સિલક ઉધાર બાજુ રહેતી ત્યારે તેઓ પ્રતિવાદીને વ્યાજ ચૂકવતા હતા પરંતુ જ્યારે સિલક વાદીઓની તરફેણમાં રહેતી ત્યારે પ્રતિવાદી કોઈ વ્યાજ ચૂકવતી ન હતી. (જ્યારે બેંકમાં ઓવરડ્રાફ્ટ હોય ત્યારે આ જ સ્થિતિ હોય છે);

(૫) જ્યારે રૂ. ૫૫,૦૦૦ ની થાપણ મૂકવામાં આવી ત્યારે વાદીઓની તરફેણમાં રૂ. ૭૯-૬-૬ ની સિલક બોલતી હતી;

(૬) વાદીઓએ પ્રતિવાદીને લખેલા પોતાના પત્રમાં (આંક પી.ડબલ્યુ.

૪/૧) જણાવ્યું હતું કે તેમનું પ્રતિવાદી સાથે એક "ચાલુ ખાતું" હતું જેમાં રૂ. ૧૧,૪૯૬–૬–૬ ની રકમ "રિઝર્વ ખાતા" માં હતી. રૂ. ૧૧,૪૯૬–૬–૬ નો આ આંકડો આ ખાતામાં રૂ. ૭૯–૬–૬ ની જૂની સિલકનો સમાવેશ કરીને બન્યો છે;

(૭) પોતાના પત્ર આંક પી–૧૪ માં વાદીઓએ જણાવ્યું હતું કે તેઓએ લાયલપુર ખાતે વાદીઓના ખાતામાં "રિઝર્વ ડીલર તરીકે" નાણાં "જમા કરાવ્યા" હતા, જેની સામે તેઓને માલ મળ્યો હતો અને રૂ. ૧૧,૪૯૬–૬–૬ ની સિલક બાકી રહી હતી. પુનઃ, આ આંકડામાં રૂ. ૭૯–૬–૬ નો સમાવેશ થાય છે.

આ બધું દર્શાવે છે કે રૂ. ૫૫,૦૦૦ ની ચૂકવણી એ માત્ર માલના ચોક્કસ જથ્થા માટે અગાઉથી કરેલી ચૂકવણી ન હતી પરંતુ તે બેંકમાં ગ્રાહકના ચાલુ ખાતા જેવું જ એક ચાલુ ખાતું હતું. આનાથી વિપરીત બાબત દર્શાવતી હોય તેવું માત્ર એટલું જ કહી શકાય કે પ્રતિવાદીએ આંક ડી–૧૧ માં આ નાણાંને "ખરીદનારનું એડવાન્સ" એવા મથાળા હેઠળ દર્શાવ્યા છે. પરંતુ આ શબ્દપ્રયોગનો માત્ર ઉપયોગ વ્યવહારોના વાસ્તવિક તત્ત્વને બદલી શકતો નથી, જેમ કે માત્ર "ડિપોઝીટ" શબ્દનો ઉપયોગ બદલી શકતો નથી. પક્ષકારો તેને આ કે તે નામથી બોલાવવાનું પસંદ કરે તે બાબત અલબત્ત પ્રસ્તુત છે પરંતુ નિર્ણાયક નથી, અને કોઈ વ્યવહારનું સાચું સ્વરૂપ નક્કી કરવા માટે અન્ય પરિબળોને ધ્યાને લઈને તેને સમગ્રતામાં જોવું જરૂરી છે. પરંતુ આ કેસમાં આપણે અનુમાન કરવાની જરૂર નથી કારણ કે વાદીઓએ પોતે જ "ખરીદનારનું એડવાન્સ ખાતું" શબ્દ કયા અર્થમાં વપરાયો છે તેની સ્પષ્ટતા કરી છે. અહીં તેઓએ રજૂ કરેલા

કેસના નિવેદનમાં તેઓ જણાવે છે કે—

> "પ્રતિવાદીઓ દિલ્હી ખાતેના પોતાના ચોપડામાં 'ખરીદનારનું એડવાન્સ ખાતું' રાખતા હતા. વાદીઓ પ્રતિવાદીઓને એડવાન્સ રકમ ચૂકવતા હતા જેની સામે કાપડ પૂરું પાડવામાં આવતું હતું અને સિલકની સમયાંતરે પતાવટ કરવાની રહેતી હતી".

પરંતુ બેંકિંગની આ સમાનતાને વધુ પડતી ખેંચવી જોઈએ નહીં. પત્રવ્યવહારમાં તેમજ વકીલાતનામા/સોગંદનામા અને પુરાવામાં બંને પક્ષો દ્વારા "સરકારી નોમિની", "નોમિનેટેડ ઈમ્પોર્ટર" અને "રિઝર્વ ડીલર" જેવા શબ્દો પર મૂકવામાં આવેલો ભાર સૂચવે છે કે પ્રતિવાદી વાદીઓ સાથે "સરકારી નોમિની" તરીકેના તેમના દરજ્જામાં જ વ્યવહાર કરતી હતી અને તે બાબત પરોક્ષ રીતે એવી શરત લાગુ કરતી હતી કે જે ક્ષણે વાદીઓ તે વિશેષાધિકાર ધરાવતા સ્થાન પર રહેવાનું બંધ કરે તે જ ક્ષણે વ્યવહારો બંધ થઈ જશે. જેમ આપણે જોયું તેમ તમામ પ્રસ્તુત સમયે કાપડની આયાત પંજાબ સરકાર દ્વારા નિયંત્રિત હતી, જેના પરિણામે પ્રતિવાદી પોતાની મરજી મુજબ કોઈપણ વ્યક્તિને વેચાણ કરી શકતી ન હતી. વેચાણ સરકારી નોમિનીઓને જ કરવાનું હતું. તેથી જો સરકારે તેમની માન્યતા પાછી ખેંચી લીધી હોત, તો પ્રતિવાદી વાદીઓને વધુ વેચાણ કરી શકી ન હોત અને એવું માની લેવું વાજબી છે કે આવી પરિસ્થિતિમાં પક્ષકારોએ પોતાના સંબંધો ચાલુ રાખવાની કલ્પના કરી ન હતી. પરંતુ, આ હમ્માવાર પહોંચાડવાના માલના કોઈ ચોક્કસ જથ્થાના પુરવઠા માટેનો કોઈ ચોક્કસ કરાર

ન હતો પરંતુ ચાલુ ખાતા સાથેના વ્યવહારોનો ક્રમ હતો, તેથી એવું તારણ કાઢવું પણ વાજબી છે કે પક્ષકારો સામા પક્ષને યોગ્ય નોટિસ આપીને પોતાની મરજી મુજબ ગમે તે સમયે પોતાના વ્યાપારી સંબંધોનો અંત લાવવા સ્વતંત્ર હતા અને તેવા સંજોગોમાં જે પક્ષના માથે બીજા પક્ષના નાણાં બાકી નીકળતા હોય તેણે તે ચૂકવવા પડે. પરંતુ બંને રીતે, આ સંજોગોમાં પાલનનું સ્થળ લાયલપુર જ રહે. અમે આ એટલા માટે કહીએ છીએ કારણ કે તમામ જાણીતા પરિબળો લાયલપુરમાં સ્થિત હતા. વાદીઓ લાયલપુર માટેના સરકારી નોમિની હતા અને તેઓ ત્યાંના રહેવાસી હતા. પ્રતિવાદી ત્યાં વેપાર ચલાવતી હતી અને માલ લાયલપુર ખાતે પહોંચાડવાનો હતો અને અન્ય ક્યાંય આપી શકાતો ન હતો, અને તેથી પાલન ત્યાં જ કરવાનું હતું. હિસાબો લાયલપુર ખાતે રાખવામાં આવતા હતા, અને જોકે તેની નકલો સમયાંતરે દિલ્હી મોકલવામાં આવી હોવાનું જણાય છે, તોપણ હિસાબી ચોપડા ત્યાં જ સ્થિત હતા અને લાયલપુર કચેરી જ હિસાબોની અદ્યતન સ્થિતિ જાણી શકે તેવી એકમાત્ર જગ્યા હતી. સંજોગો જોતાં, બેંકિંગ અને વીમાના કિસ્સાની જેમ (જે બાબતોની અમે હવે પછી ચર્ચા કરીશું), એવું માની લેવું વાજબી છે કે કરારના અંતે બાકી રહેતી સિલક લાયલપુર ખાતે ચૂકવવાની હતી અને અન્ય ક્યાંય નહીં. આ બાબત પ્રાથમિક જવાબદારીના સ્થળને સ્થાનિક બનાવે છે.

અમારા મતે આ બાબત અન્ય એક પરિબળને પણ સામેલ કરે છે. દિલ્હી ખાતેની પ્રતિવાદીને લાયલપુરના સત્તાવાળાઓ દ્વારા માન્યતામાં કરવામાં આવેલા કોઈપણ ફેરફારની અનિવાર્યપણે જાણ ન હોય. કલેક્ટર સાથેનો

પત્રવ્યવહાર દર્શાવે છે કે સરકારી નોમિની ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટના આદેશો હેઠળ પ્રતિવાદીના લાયલપુર ગોડાઉનમાંથી માલ ઉપાડતા હતા. તેથી જો નોમિની અચાનક બદલાઈ જાય, તો આ હકીકતની જાણ લાયલપુર ખાતે પ્રતિવાદીને કરવી પડે અને દિલ્હી ખાતે નહીં, અન્યથા એવો સમયગાળો વીતી જાય જેમાં લાયલપુર કચેરી માન્યતા પાછી ખેંચાઈ ગઈ હોવા છતાં વાદીઓને રાબેતા મુજબ સરળતાથી માલ આપી દે. તેથી દરેક બાબત એ હકીકત તરફ નિર્દેશ કરે છે કે અંતની નોટિસ લાયલપુર ખાતે આપવી પડે અને આ અંતની નોટિસ ન મળે ત્યાં સુધી બાકી સિલક પરત કરવાની જવાબદારી ઊભી થતી નથી. તેથી તે જવાબદારી અનિવાર્યપણે લાયલપુર ખાતે જ ઉદ્ભવે.

વાદીઓના વિદ્વાન વકીલે ખૂબ જ ભારપૂર્વક દલીલ કરી હતી કે પ્રતિવાદીનો લાયલપુરનો વ્યવસાય દિલ્હીથી ચલાવવામાં આવતો હતો અને હિસાબો ત્યાં જ રાખવામાં આવતા હતા, લાયલપુર ખાતે કોઈ શાખા કચેરી ન હતી અને લાયલપુર પાસે વ્યવસાયનું કોઈ સ્વતંત્ર સ્થાનિક નિયંત્રણ ન હતું. તેઓએ ક્વોટાની ફાળવણી અંગે પ્રતિવાદી દ્વારા લાયલપુરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને લખાયેલા પત્રો (આંક પી–૫ થી પી–૧૨) પર અને લાયલપુર ખાતે પ્રતિવાદીના જનરલ મેનેજર દ્વારા લાયલપુર સ્થિત ઇવેક્યુઈ પ્રોપર્ટીના ડેપ્યુટી કસ્ટોડિયનને લખાયેલા પત્ર આંક ડી–૭ પર પણ આધાર રાખ્યો હતો, જેમાં તેઓ જણાવે છે કે—

"કલમ (૩) હેઠળ આવતા તમામ બિન–મુસ્લિમોની યાદી અને

ચૂકવવાપાત્ર રકમ દર્શાવતી સંપૂર્ણ યાદી અમારી વડી કચેરી પાસેથી માંગવામાં આવી છે અને મળતાં જ રજૂ કરવામાં આવશે".

વિદ્વાન વકીલે દલીલ કરી હતી કે લાયલપુરના લોકોને હિસાબો સાથે એટલો ઓછો સંબંધ હતો કે તેઓ પોતાની સાથે વ્યવહાર કરનાર વ્યક્તિઓની યાદી પણ પૂરી પાડવા સક્ષમ ન હતા. તેઓએ આ વિગતો દિલ્હીથી મેળવવી પડી હતી.

આ બાબતો પ્રતિવાદીના સાક્ષીઓ સમક્ષ મૂકવી જોઈતી હતી. આંક ડી–૭ એ ઈવેક્યુઈ પ્રોપર્ટીના ડેપ્યુટી કસ્ટોડિયનના પત્રના જવાબમાં લખવામાં આવ્યો હતો. તે પત્ર આંક ડી–૬ છે અને તેમાં ડેપ્યુટી કસ્ટોડિયન પશ્ચિમ પંજાબ સરકાર, લાહોરના અંડર સેક્રેટરી સાથેના અગાઉના અમુક પત્રવ્યવહારનો સંદર્ભ આપે છે, જે રજૂ કરવામાં આવ્યો નથી. જ્યારે આપણે છેવટે દિલ્હીથી પૂરી પાડવામાં આવેલી યાદી (આંક ડી–૧૧) તરફ વળીએ છીએ ત્યારે આપણને જણાય છે કે તે સમગ્ર પાકિસ્તાનના ખાતાઓ સાથે સંબંધિત છે જેમ કે મુલતાન, પેશાવર, લાહોર, સિયાલકોટ, રાવલપિંડી અને કરાચી તેમજ સુક્કર પણ. દેખીતી રીતે લાયલપુર કચેરી જેવી સ્થાનિક કચેરી આ પ્રકારની માહિતી પૂરી પાડવાની સ્થિતિમાં ન હોય. લાયલપુર ખાતે પ્રતિવાદીના હિસાબનીશ સેવા રામ (ફરિયાદપક્ષના સાક્ષી ૪) જણાવે છે કે—

"લાયલપુર ખાતે ખરીદદારોની થાપણો દિલ્હી ખાતે પ્રતિવાદીના ચોપડામાં નોંધવામાં આવતી ન હતી પરંતુ ત્યાંથી દિલ્હી પત્રકો રવાના

કરવામાં આવતા હતા. લાયલપુરથી મળેલા પત્રકો પરથી એક હિસાબી ચોપડો તૈયાર કરવામાં આવતો હતો. તે ચોપડો 'રેફરન્સ બુક' તરીકે ઓળખાય છે".

સંભવતઃ અન્ય શાખા કચેરીઓની પણ આવી જ પ્રથા હશે, જેથી વડી કચેરી જ એવી એકમાત્ર જગ્યા હોય કે જ્યાંથી એક સામાન્ય સર્વગ્રાહી ચિત્ર (જે માંગવામાં આવ્યું હતું તેમ જણાય છે) મેળવી શકાય.

હવે વાદીઓ તમામ પ્રસ્તુત સમયે લાયલપુર ખાતે રહેતા હતા અને પ્રતિવાદી સ્થાનિક જનરલ મેનેજર મારફત ત્યાં વેપાર ચલાવતી હતી. કરાર ક્યાં થયો હતો તે આપણે જાણતા નથી પરંતુ આપણે એટલું જાણીએ છીએ કે વાદીઓએ લાયલપુર ખાતે સ્થાનિક બનેલી એક વિશિષ્ટ ક્ષમતામાં, એટલે કે લાયલપુર માટેના સરકારી નોમિની તરીકે કરાર કર્યો હતો. આપણે જાણીએ છીએ કે માલ લાયલપુર ખાતે પહોંચાડવાનો હતો અને અન્ય ક્યાંય આપી શકાતો ન હતો. આપણે જાણીએ છીએ કે ત્યાં એક ચાલુ ખાતું હતું અને તે ખાતું લાયલપુર ખાતે રાખવામાં આવતું હતું, અને અમે ઠરાવ્યું છે કે પક્ષકારો વચ્ચેના વ્યાપારી સંબંધોનો અંત આવ્યો છે તેવી નોટિસ લાયલપુર ખાતે પ્રતિવાદીને ન મળે ત્યાં સુધી "દેવું" ચૂકવવાપાત્ર બન્યું ન હતું. સંબંધોનો આ અંત લાયલપુર ખાતે ઊભા થયેલા કૃત્યોને કારણે આવ્યો હતો, એટલે કે નવા રચાયેલા પાકિસ્તાન રાજ્યને લાયલપુરની સોંપણી અને લાયલપુરથી વાદીઓનું પલાયન, જેના કારણે પ્રાથમિક કરારનું આગળ પાલન કરવું અશક્ય બન્યું હતું. લાયલપુર સાથે સંબંધ

ન ધરાવતા હોય તેવા માત્ર એટલા જ પરિબળો છે કે પ્રતિવાદી ભારતમાં રહેતી હતી અને ચૂકવણીની માંગણી દિલ્હીમાં કરવામાં આવી હતી. માંગણીની હકીકત મહત્વપૂર્ણ નથી કારણ કે ચૂકવણી કરવાની જવાબદારી સંબંધોના અંતની તારીખે ઊભી થઈ હતી અને તે લાયલપુર ખાતે ઊભી થઈ હતી, પરંતુ જો ચૂકવણી માટેની માંગણી આવશ્યક હોય તો, બેંકિંગ અને વીમાના કેસો જેનો અમે હવે પછી ઉલ્લેખ કરીશું તેની તર્જ પર, તે લાયલપુર ખાતે જ કરવી પડે અને અન્ય ક્યાંય કરવામાં આવેલી માંગણી બિનઅસરકારક ગણાય. આ હકીકતો પર અમે ઠરાવીએ છીએ કે આ કરારના તત્ત્વો, એટલે કે જેમાંથી ચૂકવણી કરવાની જવાબદારી ઉદ્ભવી તે કરારના તત્ત્વો, લાયલપુર ખાતે સૌથી વધુ કેન્દ્રિત થયેલા હતા અને તે તેનું કુદરતી સ્થાન હતું તથા તે એવું સ્થળ હતું જેની સાથે વ્યવહારનો સૌથી નિકટવર્તી અને વાસ્તવિક સંબંધ હતો. આના પરથી એ ફલિત થાય છે કે "કરારનો પ્રોપર લો", જ્યાં સુધી તે શબ્દપ્રયોગ કોઈ જવાબદારીના સ્વરૂપ અને અસરોનો સંદર્ભ આપે છે, તે કાયદો છે જે કરાર થયો ત્યારે લાયલપુર ખાતે પ્રવર્તતો હતો અને તે કાયદો છે જે અત્યારે ત્યાં પ્રવર્તે છે, તેમજ વચ્ચેના અન્ય તબક્કાઓમાં પ્રવર્તતો હતો, જેમાં માત્ર એક અપવાદ છે જેનો અમે હવે પછી ઉલ્લેખ કરીશું.

